શાળાએથી છુટેલી વિદ્યાર્થીનીનું અપહરણ કરી જનાર ઝડપાયો

વિદ્યાર્થીનીનું મેડીકલ ચેક અપ કરાવી અપહરણકાર વિરૂધ્ધ બળાત્કારનો ગુનો દાખલ કરાયો

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર નજીકનાં એક ગામની શાળામાંથી છુટીને બસ સ્ટેન્ડ પાસે ઉભેલી સગીર વયની વિદ્યાર્થીનીનું બાઈક પર અપહરણ કરી જનાર શખ્સ ઝડપાઈ ગયો છે. વિદ્યાર્થીનીનું મેડીકલ ચેક અપ કરાવી પોલીસે સાદરા ગામના શખ્સ વિરૂધ્ધ બળાત્કારનો ગુનો નોંધી સઘન પુછપરછ શરુ કરી છે.

પખવાડીયા અગાઉ ૧૩ ડિસેમ્બરના રોજ ગાંધીનગર નજીકનાં ગામની શાળામાંથી છુટીને બસ સ્ટેન્ડ પાસે ઉભી રહેલી સગીર વયની વિદ્યાર્થીનીનું એક શખ્સ બાઈક પર આવીને અપહરણ કરી પલાયન થઈ ગયો હતો. જે સંદર્ભે વિદ્યાર્થીનીના ભાઈએ સાદરા ગામના પશા મોહનભાઈ ઠાકોર નામના શખ્સ પર શંકા વ્યકત કરી અપહરણની ફરિયાદ નોંધાવી હતી. ચિલોડા પોલીસે તે અંગે તપાસ કરીને પશા ઠાકોરને પકડી પાડયો છે. અપહ્યુત સગીર વયની વિદ્યાર્થીનીનું મેડીકલ ચેક અપ કરાવીને ચિલોડા પોલીસે બળાત્કારની કલમનો વધારો કરીને પશા ઠાકોરની ધરપકડ કરી લીધી છે અને કેસની સઘન તપાસ આરંભી છે.

શહેરમાં આજથી માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવશે

સપ્તાહ દરમિયાન જનજાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજાશે : આજે વાહનોની હેડલાઈટને પીળા પટ્ટા કરાશે

ગાંધીનગર, તા.૩૧

શહેરમાં માર્ગ સલામતીના નામે મીંડુ ચિતરાયેલું છે. દિન પ્રતિદિન માર્ગો પર વધતા વાહનોના ધમધમાટ વચ્ચે પૈડા પરની જિંદગી વધુ જોખમી બની છે ત્યારે માર્ગ સલામતીને લઈ નાગરિકોમાં જાગૃતિ કેળવાય તેવા આશયથી શહેરમાં તા. ૧ થી ૭ જાન્યુઆરી દરમિયાન માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવશે. ગત વર્ષ દરમિયાન પણ માર્ગ અકસ્માતમાં ૪૪ વ્યકિતઓએ જીવ ગુમાવ્યો હતો.

શહેરમાં ટ્રાફિક નિયમન અને ગતિ નિયંત્રણના બનાવ વચ્ચે માર્ગ સલામતીની દૃષ્ટિએ ભયજનક ચિત્ર ઉપસી આવ્યું છે. માર્ગ સલામતીને સ્પર્શતા પરિબળોને અમલમાં મુકવા પણ કોઈ નકકર આયોજન કરવામાં આવતું નથી. બીજી તરફ સલામત વાહન વ્યવહારના મામલે જનજાગૃતિ કેળવવાનો પણ સમય પાકી ગયો છે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે શહેરમાંતો ૧ જાન્યુઆરીથી માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવનાર છે. આર.ટી.ઓ. કમિટી તેમજ જિલ્લા ટ્રાફિક પોલિસના સહયોગથી હાથ ધરાનારા આ કાર્યક્રમ અન્વયે તા. ૧ જાન્યુઆરીના રોજ સવારે ૧૦-૦૦ કલાકે વાહનોની હેડલાઈટને પીળા પટ્ટા કરવામાં આવશે. સાત દિવસની ઉજવણી દરમિયાન માર્ગ સલામતીના મામલે નગરજનોમાં જાગૃતિ કેળવવા અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જીવલેણ અકસ્માતોથી બચવા અને રોડ સેફટીના મામલે આમ નાગરિકો વધુ જાગ્રત બને તે માટે કાર્યક્રમમાં સહભાગી થવા પણ મહામંડળે અપીલ કરી છે.

ગાંધીનગર પ્રજાપતિ સમાજનો સ્નેહમિલન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર પ્રજાપતિ સમાજનો વાર્ષિક સ્નેહમિલન સમારંભ યોજાયો હતો. જ્ઞાતિબંધુઓ પરિવારસહ હાજર રહ્યા. સ્થાપના કાળ ૧૯૭૨ થી ૨૦૧૨ સુધી પ્રમુખ પદે રહેલા સર્વે પૂર્વ પ્રમુખોનું અભિવાદન કરવામાં આવ્યું હતું. પી.બી. પ્રજાપતિ, કે.જી. ઓઝા, જી.કે. પ્રજાપતિ, નારણભાઈ એસ. પ્રજાપતિ, કે.પી. પ્રજાપતિ, અને કાન્તિભાઈએ એસ. પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા.

સમાજની બાળાઓએ નૃત્ય અને ડાન્સ રજૂ કરી કાર્યક્રમને જીવંત બનાવ્યો. વર્તમાન પ્રમુખ પોપટલાલ એસ. પ્રજાપતિએ તેમની આગવી શૈલીમાં સમાજનો ગૌરવભર્યો ચિતાર રજૂ કર્યો. મહામંત્રી જશુભાઈ ઓઝાએ પ્રવૃત્તિ અહેવાલ અને કાર્યક્રમની જાણકારી આપી, સંદીપ પ્રજાપતિએ બાળાઓને નૃત્યની તાલીમ આપી સુંદર કાર્યક્રમ તૈયાર કર્યો. અંતમાં આભારવિધિ સમાજના ઉપપ્રમુખ ચીમનભાઈએ કરી. આ પ્રસંગે સમાજનાં તેજસ્વી વિદ્યાર્થીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

ડીવાયએસપી રામદાસ રાવળનો વિદાય સમારંભ સંપન્ન

ગાંધીનગર, તા.૩૧

સ્ટેટ ક્રાઈમ રેકર્ડ બ્યૂરો ગાંધીનગર ખાતે ઈન્સ્પેક્ટર જનરલ મનોજ અગ્રવાલની અધ્યક્ષતામાં નાયબ પોલીસ અધિક્ષક રામદાસ રાવળનો નિવૃત્તિ વિદાય સન્માન સમારંભ યોજાયો હતો. સમારંભમાં તમામ કર્મચારીગણ અને મહેમાનોએ હાજરી આપી યોગી રામદાસ રાવળની સેવા કામગીરીને બિરદાવી હતી.

નાયબ પોલીસ અધિક્ષક તરીકે વય નિવૃત્ત થતા આર બી રાવળે ઉપ વર્ષની નોકરી પૂરી કરી પોતાની ફરજનિષ્ઠા અને ધાર્મિક પ્રવૃત્તિથી સૌના હૃદયમાં સ્થાન મેળવ્યું છે. ગત રોજ ૩૧મી ડિસેમ્બરે આર બી રાવળનો જન્મદિન હતો અને આ જ દિવસે તેઓ નોકરીમાંથી નિવૃત્ત પણ થયા હતા. આ પ્રસંગે આર બી રાવળનું તમામ કર્મચારીગણ તથા મહેમાનોની હાજરીમાં સન્માન યોજાયું હતું. જેમાં એસ પી શરદ સિંઘલ, નાયબ પોલીસ અધિક્ષક રાજપૂતભાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી આર બી રાવળની ધર્મ સેવા, સામાજિક સેવા, કર્તવ્ય નિષ્ઠા અને પ્રામાણિકતાને બિરદાવી હતી. તેમની કથાકાર તરીકેની ૨૦૯ કથાઓને પોલીસ અધિકારી તરીકેનું ગૌરવ ગણાવ્યું હતું. વિદાય સન્માન સમારંભના સમગ્ર કાર્યક્રમમાં સર્વે કર્મચારીગણે ખાસ હાજરી આપી હતી. કાર્યક્રમનું સંચાલન પી જી દેસાઈએ કર્યું હતું અને આભાર વિધિ કચેરી અધિક્ષક ઓઝાભાઈએ કરી હતી.

માલધારી-રબારી ભરવાડ-આહિર સમાજના વિકલાંગ યુવક-યુવતીઓનો લગ્ન પરિચય મેળો યોજાશે

ગાંધીનગર, તા. ૩૧

માલધારી-રબારી-ભરવાડ-આહિર સમાજના વિકલાંગ યુવક-યુવતીઓ માટે લગ્ન પરિચય મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

ઉંમર લાયક યુવક-યુવતીઓના વાલીઓએ ધરમશીભાઈ સરતાનભાઈ રબારી-ખટાણા, હાલ અમદાવાદનો મો. નં. ૯૯૭૮૫૩૯૫૯૫ પર સંપર્ક સાધવો. દીકરીઓના વાલીઓને અચૂક સંપર્ક સાધવા જણાવાયું છે.

દિલ્હી ગેંગ રેપની પિડીતાના મોત બાદ સમગ્ર દેશમાં ઠેર-ઠેર આક્રોશ સાથે દેખાવો થઈ રહ્યા છે. પાટનગરમાં પણ મૃતકને શ્રદ્ધાંજલી અર્પવા સેક્ટર-૩ ડીના રહીશોએ કેન્ડલ માર્ચનું આયોજન કર્યું હતું અને તમામ દોષિતોને ફાંસીની સજા આપવા માગ કરી હતી.

ગેંગ રેપના અપરાધીઓને કડક શિક્ષા કરવા જ્યોતિ મહિલા મંડળની માંગ

ગાંધીનગર, તા. ૩૧

ભારત દેશમાં વ્યાપક પ્રમાણમાં ગેંગ રેપ તથા છૂટાછવાયા છેડછાડના અનેક બનાવો બની રહ્યા છે તેને શરમજનક ગણાવી જ્યોતિ મહિલા મંડળની બહેનોએ હવસખોરોને ઉગ્રમાં ઉગ્ર સજા આપવા અને દુષ્કૃત્યો કરતા અસામાજિક તત્ત્વો સામે લાલ આંખ કરી સામાજિક અને સ્વૈચ્છિક સંસ્થાઓનો સહકાર લઈ નવતર મુદ્દાઓ વિચારી કાયદાકીય અમલ કરવા જણાવ્યું છે.

જ્યોતિ મહિલા મંડળના પ્રમુખ લતાબેન ચોક્સી અને સેક્રેટરી કુ. ચેતના બુચ દ્વારા મહિલાઓની સલામતી અને રક્ષણ માટે કેટલાક સઘન મુદ્દાઓની ચર્ચા વિચારણા કરવામાં આવી છે અને તેના મુદ્દાઓને જરૂર જણાય ત્યાં ગ્રાહ્ય ગણી કાયદાકીય અમલવારી વિના વિલંબે કરવાની પ્રબળ માગ ઊઠી છે. જાગૃત મહિલાઓનું કહેવું છે કે બાળકો, સગીરા કે પુખ્ત વયની મહિલા પર દુષ્કર્મ કરનારને સજાના ધોરણે સમાન હોવા જોઈએ. કલમ ૩૭૬ હેઠળ દુષ્કર્મની સજા માત્ર સાડા સાત વર્ષથી વધારીને માત્ર દસ વર્ષ જ શા માટે ? વધુ આકરી સજા કેમ નહીં! મહિલા પોલીસ સ્ટેશનોમાં મહિલાની ફરિયાદ દાખલ કરાય જ અને કોઈપણ સંજોગોમાં તેનો ઈનકાર કરીને મહિલાને પાછી ન કઢાય તેવી કાયદાકીય જોગવાઈ થવી જોઈએ.

મહિલા પોલીસ સ્ટેશનોમાં મહિલા સેલની રચના કરી સ્વૈચ્છિક સંસ્થાની મહિલા હોદ્દેદારો સાથે નિયમત બેઠકો યોજીને પ્રશ્નોને ઉકેલવામાં મદદ લેવી જોઈએ. જાહેર સ્થળોએ મહિલા પોલીસની વસતીના પ્રમાણમાં નિમણૂંક કરી વ્યવસ્થા ઊભી કરવી જોઈએ. દુષ્કર્મ કરનારને જાહેરમાં ફાંસી આપવાની જોગવાઈ હોવી જોઈએ. બળાત્કારના કેસ માટે ખાસ સમિતિની રચના કરવામાં આવે અને તે કેસો ફાસ્ટ ટ્રેક કોર્ટ પર ચલાવી ૬૦ દિવસમાં તેનો ઉકેલ આવે તેવું કરવું જોઈએ. પોલીસ વધારીને મહિલાની સુરક્ષા વધે તેવું આયોજન ગોઠવવું જોઈએ. શહેર કે ગામના માર્ગો કે જ્યાં અવરજવર ઓછી હોય ત્યાં મોબાઈલ પોલીસ પેટ્રોલીંગ ખૂબ જ આવશ્યક છે. મહિલાના સ્વરક્ષણ માટે રાજ્ય સરકાર દ્વારા શાળાઓમાં વ્યાયામના શિક્ષણમાં કરાટે અને કુંગ ફૂની તાલીમ ફરજિયાત કરવી જોઈએ. માર્ગની સમાંતરે ઝાડી તથા વૃક્ષોનું છેદન કરવાથી અનૈતિક પ્રવૃત્તિ પર રોક લગાવી શકાય છે. સામાજિક અને સ્વૈચ્છિક સંસ્થાના સહકારથી તંદુરસ્ત સમાજના નિર્માણ માટે સદ્‌ગુણો વિકસે તેવી શિબિરો કરવી જોઈએ.

સરકારી તંત્ર કે પછી કાયદો મહિલાઓના વિકાસની વાત કરતો હોય ત્યારે તેણે સમાજમાં બનતી આવી ઘૃણાજનક પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી કરવી જોઈએ અને જરૂરી પગલાં લઈ આદર્શ ઉદાહરણ પુરું પાડવું જોઈએ.

વાઈબ્રન્ટ દરમિયાન શહેરના સર્કલો રોશનીથી ઝગમગશે

વાઈબ્રન્ટ પૂર્વે જરુરી સમારકામ અને રંગરોગાન કરવા સંસ્થાને સૂચના

ગાંધીનગર, તા.૩૧

શહેરના વિવિધ મુખ્યમાર્ગો પર સ્થિત ૨૧ જેટલા સર્કલોને વાઈબ્રન્ટ પૂર્વે ચકાચક બનાવી દેવાશે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન વિકસિત સર્કલોને સુશોભિત કરવા રંગબેરંગી રોશનીથી સજ્જ કરવામાં આવશે. આ મામલે સર્કલોની જાળવણીનું કામ સંભાળતી ખાનગી સંસ્થાઓને તંત્ર કક્ષાએથી નોટીસ પણ આપી દેવાઈ છે.

વાઈબ્રન્ટને લઈ સર્કલોનું જરુરી રીપેરીંગ કામ પણ શરુ કરી દેવાયું છે.

આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી શહેરના પ્રવેશદ્વારથી લઈ મુખ્યમાર્ગો ઉપર સફાઈ, ડિવાઈડરને કલર તેમજ થર્મોપ્લાસ્ટના પટ્ટા લગાવવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

શહરના માર્ગોને ટનાટન બનાવવા ઉપરાંત માર્ગો આસપાસ સ્થિત ઝાડી વિસ્તારમાં પણ સાફ સફાઈ હાથ ધરવામાં આવી છે. જયારે શહેરના માર્ગો પર સ્થિત સર્કલોની સજાવટ કરવા પણ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. વર્ષો પૂર્વે સર્કલો વિકસાવવાની જવાબદારી વિવિધ ખાનગી સંસ્થાઓને સોંપવામાં આવી હતી.

જેના અંતે નગરના મુખ્યમાર્ગો પર સ્થિત સર્કલો નગરની આગવી ઓળખ બની ગયા હતા પરંતુ સમય જતા આ સર્કલોની જાળવણીના મામલે અમુક સંસ્થાઓ દ્વારા બેદરકારી દાખવવામાં આવતા સર્કલોની રોનક ઓસરી જતી હોવાનું ચિત્ર સ્પષ્ટ થયું હતું. આવા સંજોગોમાં વાઈબ્રન્ટ સમિટ નજીક આવતા પાટનગર યોજના વિભાગ દ્વારા માર્ગોની સાથે સર્કલોની દરકાર લેવા પણ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. અલબત્ત આ માટે જવાબદાર ખાનગી સંસ્થાઓને તંત્ર કક્ષાએથી નોટીસ આપી દેવાઈ છે.

જેમાં સર્કલોનું જરુરી સમારકામ, રંગરોગાન તેમજ પ્લાન્ટેશન કરવા પણ સૂચના આપી દેવાઈ છે. વધુમાં વાઈબ્રન્ટ સમિટના ત્રણ દિવસો દરમિયાન સર્કલો પર રાત્રિના સમયે રોશનીનો ઝગમગાટ જોવા મળે તેવી વ્યવસ્થા ગોઠવવા પણ જણાવાયું છે.

સર્કલોની જાળવણી સંભાળથી સંસ્થાઓ

- ચ-૩ : એરફોર્સ
- ચ-૫ : સિન્ટેક્સ
- ચ-૬ : લાયન્સ કલબ ઓફ ગાંધીનગર
- ચ-૨ : વેસ્ટર્ન એગ્રો સીડસ
- ઘ-૨ : ઈફકો
- ઘ-૩ : કર્ણાવતી એજયુકેશન
- ઘ-૪ : ટોરેન્ટ પાવર
- ઘ-૫ : એસ.બી.આઈ.
- ઘ-૬ : કડી સર્વ વિદ્યાલય
- ઘ-૭ : કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન
- ગ-૨ : પ્રથમ એજયુકેશન
- ગ-૩ : રોટરી કલબ
- ગ-૫ : એલ.ડી.આર.પી.
- ક-૫ : ઈ.કયુ.ડી.સી.
- ખ-૭ : એલ.આઈ.સી.
- ખ-૫ : કેમ્બે રીસોર્ટ
- ખ-૩ : સૂર્યા સિનેમા
- છ-૪ : પોલિસ ભવન
- છ-૪,બી : આર્યુવેદિક ઉદ્યાન

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૨૧

સૂર્યાસ્ત : ૬.૦૨

તાપમાન

મહત્તમ : ૨૭.૨ ડિ.સે.

લઘુત્તમ : ૧૩.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૮ ટકા ● સાંજે ૪૨ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :

દબંગ-૨ : ૧૦.૧૫ (રાત્રે)

: સ્ક્રીન-૨ :

દબંગ-૨ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :

દબંગ-૨ : ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૯.૪૫

: સ્ક્રીન-૪ :

દબંગ-૨ : ૧૧.૩૦, ૨.૩૦, ૫.૩૦, ૮.૩૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

જૅક રીચર ૨ડી(અંગ્રેજી) :૯.૩૦, ૧૨.૦૦, ૨.૩૦, ૫.૦૦, ૧૦.૦૦

લાઈફ ઑફ પાય ૩ડી(હિન્દી) : ૭.૩૦

: સ્ક્રીન-૨ :

દબંગ-૨ : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૧૫

: સ્ક્રીન-૩ :

દબંગ-૨ : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫, ૯.૦૦

: સ્ક્રીન-૪ :

દબંગ-૨ : ૧૧.૧૫,૨.૦૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫

સૂર્યા, વાવોલ

દબંગ-૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

હું દિવાના તારા પ્રેમનો : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

દબંગ-૨: ૧૦.૪૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

દબંગ-૨ : ૧૨.૧૫, ૩.૧૫, ૬.૧૫, ૯.૧૫

વિરાગ, કલોલ

દબંગ-૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : સ્વાધ્યાયમાં રુચિ વધશે. નવી આયોજનો માટે રોકાણ કરતાં પહેલાં યોગ્ય તપાસ કરવી હિતાવહ રહેશે. ધાર્મિકક્ષેત્રે યાત્રા પ્રવાસનું આયોજન થઈ શકે છે.

વૃષભ : સામાજિક, માંગલિક સમારોહમાં ભાગ લેવાના યોગ. સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે. નકામો વાદવિવાદ ન કરવો.

મિથુન : વિવાદ કે મુકદમાનો નિવેડો થશે. વિદ્યાર્થી પોતાની મહેનતથી આગળ વધશે. આપના કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યા છે.

કર્ક : નવા સંબંધ બનશે. આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે. વિવાદિત આર્થિક પ્રકરણોને સંયમપૂર્વક ઉકેલવાથી યોગ્ય નિકાલ આવી શકશે.

સિંહ : અપરણિતો માટે લગ્નનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં શુભ મંગળ કાર્ય થશે. વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો.

કન્યા : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. આપને ઉપયોગી બની રહે એવા નવા સંબંધો બનશે. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે.

તુલા : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો. શત્રુઓથી હાનિ થવાની આશંકા રહેશે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની તકેદારી રાખવી.

વૃશ્ચિક : શુભ ફળ પ્રાપ્ત થશે. વિરોધાભાસ અને વિવાદને કારણે પરિણામ નહીં મળે. વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું.

ધન : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ બની રહ્યો છે. ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે.

મકર : ધાર્મિક કાર્યોમાં મન લાગશે. પ્રતિષ્ઠામાં વૃદ્ધિનો યોગ. ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન-સમ્માન અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે.

કુંભ : કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. આપમાં પ્રબળ આત્મવિશ્વાસથી મુશ્કેલ કાર્ય પણ સહેલાઈથી પાર પાડી શકો છો. નવા સંબંધો બંધાશે.

મીન : સફળ યાત્રાનો યોગ છે. વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે.આર્થિક કાર્યોમાં વિશેષ ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે.

ચિરવિદાય

- સ્વ. શાંતાબેન રમેશભાઈ વ્યાસ (ઉ.વ. ૫૩) મુ.પો. પાલજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. કાંતિભાઈ ગિરધરભાઈ પટેલ (ઉ.વ. ૭૦) મુ.પો. મોટા ચિલોડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ગંગાબેન ગોવિંદભાઈ પટેલ (ઉ.વ. ૯૫) મુ.પો. વાવોલ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. મણીબેન બાબરભાઈ નાયક (ઉ.વ. ૫૦) મુ.પો. દસેલા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. નિશાંત ગીરીશભાઈ પટેલ (ઉ.વ. ૧૨) પ્લોટ નં. ૨૭૦/૨, કિસાનનગર, સેકટર-૨૬, ગાંધીનગર.
- સ્વ. દિલીપસિંહ મગનસિંહ વાઘેલા (ઉ.વ. ૯૦)બ્લોક નં. ૩૭૨/૧, સેકટર-૨૨, ગાંધીનગર.
- સ્વ. સરોજબેન નરેન્દ્રકુમાર સિન્હા (ઉ.વ. ૬૦)ઈન્ફોસિટી, ગાંધીનગર.
- સ્વ. સોમા આતા વાઘેલા (ઉ.વ. ૬૭) પ્લોટ નં.૧૯૫/૧, સેકટર-૪/એ, ગાંધીનગર.
- સ્વ. ડઈબેન મણિલાલ પટેલ (ઉ.વ. ૭૦) પ્લોટ નં. ૭૬, આનંદનગર, સેકટર-૨૭, ગાંધીનગર.